જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ ।શનિવાર । તા. ૩૦-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

અમે ૩૦૦થી વધુ બેઠકો જીતીશું,આ વખતે મુકાબલામાં કોઇ છે જ નહિ

૨૦૧૯માં તો હું જ છું,૨૦૨૪માં જોઈશું: મોદી

મહાગઠબંધન મહામિલાવટવાળુ છે સફળ નહિ થાય,પાકિસ્તાને આતંકવાદ છોડવો જ પડશે,અભિનંદન જ્યાં સુધી પાકિસ્તાનમાં હતો ત્યારે વિપક્ષે ષડયંત્ર રચ્યુ હતું,ભાગેડુઓ જેટલા રૂપિયા લઈને ભાગ્યા તેનાથી વધુ સંપત્તિ જપ્ત કરી,કોંગ્રેસ આંકડા વગર લોકો વચ્ચે રોજગાર અંગે જુઠ્ઠાણા અને ભ્રમ ફેલાવી રહી છે

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ પૂર્વે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક ખાનગી ચેનલને એક મોટો ઈન્ટરવ્યૂ આપ્યો છે. આ ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અને વિપક્ષથી લઈને પુલવામા આતંકી હુમલો, પાકિસ્તાન વિરુદ્ધ એર સ્ટ્રાઇક, એરફોર્સના પાઇલટ અભિનંદનની વાપસી અને ઈમરાનખાન પર ખુલ્લા મને વાત કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ૨૦૧૯ની ચૂંટણીમાં અમે ૩૦૦થી વધુ બેઠકો જીતીશું. આ વખતે અમારી સામે મુકાબલામાં કોઇ છે જ નહીં. જ્યારે ૨૦૨૪માં મોદીની વિરુદ્ધ મેદાનમાં કોઇ પણ હોઇ શકે છે. આ વખતે મહાગઠબંધનનું ગણિત કામ નહીં કરે. ઉમેદવારી પત્રો ભર્યા બાદ વિરોધ પક્ષો વિખેરાઇ જશે, પરંતુ ૨૦૧૯માં સરકાર બનાવ્યા બાદ અમે વિપક્ષોને સાથે લઈને કામ કરીશું. મોદીએ કહ્યું કે વિપક્ષે હવે ૨૦૨૪ માટે અત્યારથી તૈયારી શ કરી દેવી જોઈએ કેમ કે ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટેની જનતાએ મન બનાવી લીધું છે.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસે ચૂંટણી દરમિયાન વાયદાઓ કરીને નવયુવાનોને લૂંટયા છે. નહેરુજી પણ ગરીબીની વાત કરતા, ઇન્દિરાજી પણ ગરીબીની વાત કરે છે. આજે તેમની પાંચમી પેઢી પણ ગરીબીની વાત કરી રહી છે.



સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ વિરુદ્ધ મહાભિયોગ લાવનાર, મીડિયા પર પ્રતિબંધો મૂકનાર અને કટોકટી લાદનાર લોકો મહેરબાની કરીને મને જ્ઞાન આપવાનો પ્રયાસ ન કરો એમ જણાવીને મોદીએ કહ્યું કે મને ગાળો આપવી એ વિપક્ષોની આદત થઇ ગઇ છે. જેઓ પોતાના પીએમ પર શક કરતા હોય અને જેઓ પાકિસ્તાનનાં પીએમનાં વખાણ કરતાં હોય તેમને હવે ઓળખી કાઢવાની જરૂર છે.

રોજગાર મામલે વિપક્ષો પર વળતો પ્રહાર કરતાં મોદીએ જણાવ્યું હતું શું જે લોકો ઇપીએફ ભરી રહ્યા છે તેઓ રોજગાર વગરના છે? જે લોકો સડકો બનાવી રહ્યા છે તે શું રોજગાર વગરના છે? કોંગ્રેસ આંકડા વગર લોકો વચ્ચે રોજગાર અંગે જુઠાણાં અને ભ્રમ ફેલાવી રહી છે.

જ્યારે પાકિસ્તાને એરફોર્સના પાઇલટ અભિનંદનને પરત સોંપ્યા ત્યારે દેશના તમામ રાજકીય પક્ષોએ એક સાથે કહેવું જોઇતું હતું કે એમને દેશની સેના પર ગર્વ છે કે તેમણે પાકિસ્તાનના એફ-૧૬ને ફૂંકી માર્યું છે. તેના બદલે અભિનંદન કયારે પરત આવશે તેની ચર્ચા કરવા લાગ્યા હતા. એ રાત્રે વિરોધ પક્ષોએ કેન્ડલ લાઇટ માર્ચ યોજીને પુલવામા હુમલાને મુદો બનાવવાનું ષડયંત્ર તૈયાર કરી લીધુ હતું, તે પહેલાં જ સાંજે ૪-૫ વાગ્યે પાકિસ્તાનના વડા પ્રધાને અભિનંદનના વાપસીની જાહેરાત કરી દીધી હતી અને તેથી વિપક્ષોનું ષડયંત્ર ધરાશાયી થઇ ગયું હતું.

શું તમારા ખાતામાં ૧૫ લાખ આવ્યા?,મોદી સરકાર પર આકરા પ્રહારો

મેં વારાણસીમાં વિકાસના પુરાવા શોધ્યા, ક્યાંય મળ્યા નહીં: પ્રિયંકા ગાંધી



વારાણસી

ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીના પ્રચારમાં નિકળેલા કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ અયોધ્યામાં મોદી સરકાર પર જોરદાર પ્રહાર કર્યા છે. તેમણે જણાવ્યું કે પાંચ વર્ષ સુધી દુનિયાભરના નેતાઓને ગળે લગાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે પોતાના જ નેતાઓને ગળે મળવાનો સમય નથી મળ્યો. વડાપ્રધાન પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીના ગામોમાં લોકોને મળવા પણ નથી ગયા. પ્રિયંકાએ મતદારોને એમ પણ જણાવ્યું કે મને તમારાથી ફરિયાદ છે. નેતા જ્યારે તમારી વચ્ચે આવે તો તેને તમારાથી ગભરાવવું જોઈએ નહીં કે તમારે નેતાથી. એટલા માટે જ આજે નેતાને પ્રજાની કંઈ પડી નથી. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે ભાજપ સરકાર પ્રજા વિરોધી છે, ખેડૂતો અને યુવાનો વિરોધી છે. આ સરકાર કામ નથી કરવા માંગતી અને તમારું સાંભળતી પણ નથી. આ સરકાર ફક્ત ઉદ્યોગપતિની સરકાર છે અને યુવાનો અવાજ ઉઠાવે છે તો તેમને લાકડીઓ પડે છે. તેમણે જણાવ્યું કે ભાજપના શાસનમાં બેરોજગારો પર લાકડીઓ વરસાવવામાં આવી. ખેડૂતો દેવામાં ડૂબેલા છે અને તેમની મદદ કરાતી નથી. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું કે, 'મહિલાઓ જણાવે છે કે તેઓ અસુરક્ષિત હોવાનો અહેસાસ કરે છે.

આતંકવાદના મુદ્દે યુએનમાં ઘેરાયુ પાકિસ્તાન, ૨૪ કલાકમાં બે ઝાટકા લાગ્યા

પાકિસ્તાનને મોટી લપડાકઃ યુએનમાં ટેરર ફંડિંગ વિરોધી પ્રસ્તાવ પાસ

યુએન

સ્ટેટ પોલિસી તરીકે આતંકવાદનો ઉપયોગ કરનાર પાકિસ્તાનને શુક્રવારના રોજ બેવડો ઝાટકો લાગ્યો. એક બાજુ સંયુકત રાષ્ટ્રે ટેરર ફંડિંગની વિરૂદ્ધ એક પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો છે તો બીજીબાજુ અમેરિકન સાંસદ સ્કોટ પેરી એ સંસદમાં પાકિસ્તાનની વિરૂદ્ધ પ્રસ્તાવ લાવ્યા છે. જેમાં આતંકી ઠેકાણાઓને નષ્ટ કરવાની માંગણી કરી છે.

ભારતે સંયુકત રાષ્ટ્રમાં ટેરર ફંડિંગ પર કારગર પ્રતિબંધ મૂકવા અને તેના માટે માપદંડ નક્કી કરવાની દિશામાં ફાઇનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (FATF)ની મોટી ભૂમિકા સોંપવા સંબંધિત પ્રસ્તાવનું સ્વાગત કર્યું છે. પ્રસ્તાવનું સમર્થન કરતાં સંયુકત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ સૈયદ અકબરૂદ્દીને શુક્રવારના રોજ નામ લીધા વગર પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા અને તેને વારંવાર ગુનો કરનાર ગણાવ્યા.

પાકિસ્તાનની તરફ ઇશારો કરતાં અકબરૂદ્દીને કહ્યું કે કેટલાંક દેશો જે આતંકવાદીઓનું સમર્થન કરે છે, તે પોતાની કરતૂતોના બચાવ માટે અને કાર્યવાહી ના કરવા માટે બ્હાના શોધી રહ્યા છે. તેમણે કહ્યું કે 'સીરીયલ ઓફેંડર' આતંકવાદનું સમર્થન કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સમુદાય આતંકવાદની વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે બેચેન છે. તેમણે ટેરર ફંડિંગ પર લગામ લગાવા માટે પ્રસ્તાવને કડકાઇથી લાગૂ કરવાની માંગણી કરી.

યમુનાના એક્સપ્રેસ વે ઉપર બસ દુર્ઘટના થઇ

ગ્રેટર નોયડા

યમુના એકસપ્રેસ વે પર આજે સવારે યાત્રીઓની ભરચક એક બસ દુર્ઘટનાગ્રસ્ત થઇ જતા મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. સાથે સાથે આઠ લોકોના મોત પણ થયા હતા. ઘાયલ થયેલા ૩૦ લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ યાત્રીઓને જેવરના કૈલાશ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સવારે પાંચ વાગ્યાની આસપાસ આ દુર્ઘટના થઇ હતી. પુરજોશમાં જતી બસ એક કન્ટેનરમાં ઘુસી જતા આ દુર્ઘટના થઇ હતી. ગુર્ઘટના એકટલી પ્રચંડ હતી કે તેમાં બસને ભારે નુકસાન થયુ હતુ. બસના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. મળેલી માહિતી મુજબ બસ આગરાથી ગ્રેટર નોયડા તરફ જઇ રહી હતી. બનાવને લઇને મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે દુખ વ્યક્ત કર્યુ છે. સાથે સાથે ઘાયલ થયેલા લોકોને તમામ જરૂરી સારવાર આપવા માટે કહેવામાં આવ્યુ છે. પોલીસ સમગ્ર મામલામાં તપાસ કરી રહી છે.

ખેડૂતોએ લોકસભાની ચુંટણીમાં મતદાનનાં બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

જામનગર

જામનગર સહીત ગુજરાતના ઘણા ગામો અપૂરતા વરસાદને કારણે સરકારે અછતગ્રસ્ત જાહેર કર્યા છે. જેમાં જામનગર જિલ્લાનો પણ સમાવેશ થાય છે. ત્યારે લાલપુર તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે છે પરંતુ અછતગ્રસ્ત તાલુકાને જે-જે સહાય મળવી જોઈએતેવી કોઈપણ સહાય સરકાર દ્વારા આપવામાં આવી નથી. અને લાલપુર તાલુકામાં માત્ર ૧૬.૬૯% વીમો આપવામાં આવ્યો છે. જેથી નિષ્ફળ પાક જવાના કારણે અને પાક વીમો પૂરતો ના મળવાના કારણે ભણગોર ગામના ખેડૂતો સરકારથી નારાજ થઇ ગયા છેઅને સરકારને રજૂઆત કરી હતી. ત્યારે ભણગોર ગામના ખેડૂતોએ મોટી સંખ્યામાંલાલપુરમાંરેલી કાઢી હતી. બળદગાડામાં બેસીને બેનરો સાથે સુત્રોચ્ચાર કરી વિરોધ વ્યકત કર્યો છે. ખેડુતો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા. ખેડુતોની માંગ છે કે વરસાદ ઓછો થયો છે, ત્યારે આ વિસ્તારના ખેડુતોને વધુ પાકવીમો ૧૦૦% મળે તેવી માંગ કરી છે. જો આ માટે કોઈ પગલા નહી લેવાય તો આગામી લોકસભાની ચૂંટણીમાં સમગ્ર ગ્રામજનો મતદાનનો બહીષ્કાર કરી ચીમકી ઉચ્ચારી છે. આ બાબતે તેમને લાલપુરના પ્રાંત અધિકારીને આ બાબતે આવેદન પાત્ર પાઠવ્યું હતું અને જેમાં મોટી સંખ્યામાં ભણગોર ગામના લોકો જોડાયા હતા. ત્યારે જામનગરમાં બે દિવસ પહેલા આવેલા ચૂંટણી પ્રચારમાં રાજ્યના કૃષિ મંત્રીએ જામનગર અને રાજ્યમાં કોઈ વખત મંજુરના થયોતેટલો પાક વીમોસરકારે ખેડૂતોને આપ્યોછે. તેવુંતેમને મીડિયા સમક્ષ ચર્ચા કરી હતી.







મોરબી ના માળિયામાં મીઠા ઉત્પાદક દ્વારા નિયમોને નેવે મૂકી મીઠાનું ઉત્પાદન



ચોમાસાના વરસાદમાં જાજાસર ગામમાં પાણી ભરાવવાની ભીતિ

માળિયામાં આવેલ મીઠા ઉત્પાદન કરતા એકમો દ્વારા નિયમોનો ઉલાળિયો કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે જેથી ચોમાસામાં માળિયાના જાજાસર ગામમાં ચોમાસાના પાણી ગામમાં ફરી વળે તેવી ભીતિ સેવાઈ રહી છે જે અંગે કલેકટરને આવેદન પાઠવ્યું છે. માળિયા નગરપાલિકાના કાઉન્સીલર અને ભાજપ મહામંત્રી આમીન ભટ્ટીએ જીલ્લા કલેકટરને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે માળિયાના જાજાસર ગામની બાજુ જે મીઠા ઉત્પાદન માટે ૧૦ એકરથી માંડી ૫૦૦ એકર સુધી જમીન સરકાર તરફથી આપવામાં આવી છે અને સરકાર દ્વારા પાળો બનાવવામાં આવેલ છે જે શરતો મુજબ દરેક મીઠા ઉત્પાદકોએ મંજુર જમીન વચ્ચે અંતર છોડવાનું નક્કી કરવામાં આવેલ છે જોકે જમીન પર ગેરકાયદેસર દબાણ કરીને જમીનમાં સરકાર તરફથી જે પાળો બનાવેલ તેનાથી વધારે ઉંચાઈ વાળા પાળા બાંધી ગેરકાયદેસર મીઠાનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે જેના કારણે વર્ષ ૨૦૧૭ માં મચ્છુ નદીનું પાણી ચેકડેમો મારફતે દરિયામાં જવાને બદલે જાજાસર ગામની ખેતીની જમીન અને ઘરોમાં ભરાયું હતું માળિયાના મામલતદાર દ્વારા રોજકામ કરીને આ પ્રવૃતિને ગેરકાયદેસર જાહેર કરી હતી અને નોટીસ મારફત સુચના આપી હતી જોકે મીઠા માફિયાઓ જાણે સરકારની બીક ના હોય અને માનવ જિંદગીની કોઈ કીમત ના હોય તેમ ગેરકાયદેસર મીઠા ઉત્પાદન પ્રવૃત્તિ કરી રહ્યા છે

જેથી આવનારા સમયમાં ચોમાસા દરમિયાન જાજાસર ગામમાં ફરીથી ગામમાં પાણી આવે અને ખેતીની જમીન તેમજ જાનમાલને નુકશાન થાય તેની જવાબદારી કોની રહેશે તેવો વેધક સવાલ ઉઠાવીને આ મામલે યોગ્ય પગલા ભરવાની માંગ કરી છે

નખત્રાણાના ચાવડકા ગામના લીસ્ટેડ બુટલેગર્સને પાસા હેઠળ ધકેલતી ભુજ એલ.સી.બી.



ભુજ કચ્છ:પોલીસ અધિક્ષક સૌરભ તોલંબિયાની સુચના અને માર્ગદર્શન થી એલ.સી.બી.,પશ્ચિમ કચ્છ-ભુજ દ્વારા ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂનુ વેંચાણ કરતો લીસ્ટેડ બુટલેગર્સ દુજુભા સાંગાજી જાડેજા, ઉ.વ.૫૨, રહે.ચાવડકા, તા.નખત્રાણા વાળા વિરૂધ્ધમાં પશ્ચિમ કચ્છ ભુજ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશદારૂનુ વેંચાણ કરવા અંગેના અનેક ગુનાઓ દાખલ થયેલ હોય જેથી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી કલેક્ટર કચ્છ-ભુજ નાઓને મોકલાવમાં આવતા કલેક્ટર તરફથી સામાવાળા વિરૂધ્ધની પાસા દરખાસ્ત ગ્રાહ્ય રાખી સામાવાળાને પાસા હેઠળ અટકાયત કરવાનો વોરંટ ઈશ્યુ કરેલ હોય,જે અન્વયે આજ રોજ એલ.સી.બી., પશ્ચિમ કચ્છ-ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ઔસુરાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી સ્ટાફ દ્વારા ઉપરોક્ત સામાવાળાને પાસા વોરંટ હેઠળ અટકાયત કરેલ છે, તેમજ વડોદરા ખાસ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

વાંકાનેર પ્રેમલગ્ન કરનાર બહેન-બનેવી અને સાળા વચ્ચે છુટાહાથની મારામારી

વાંકાનેરના લાકડાધાર ગામે યુવાને બહેન બનેવીને માર માર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે તો સામાપક્ષે સાળાએ તેના બનેવી સામે મારામારીની ફરિયાદ નોંધાવી છે વાંકાનેરના લાકડાધાર ગામની રહેવાસી હંસાબેન ઈશ્વરભાઈ જખાણીયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેને પ્રેમલગ્ન કર્યા હોય જે તેના ભાઈ જીલુભાઈ જગુભાઈ સાડમીયા રહે લીબાળા ધાર વાળાને સારું નહિ લાગતા ફરિયાદી હંસાબેન અને તેના પતિ ઈશ્વરભાઈને ગાળો આપી ઢીકા પાટું માર મારી લાકડી વડે મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે . જયારે સામાપક્ષે જીલુભાઈ સાડમીયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે આરોપી બનેવી ઈશ્વરભાઈ જખાણીયાનો હાથ ભાંગી ગયો હોય જેથી કામધંધો કરતા ન હોય અને ફરિયાદી તેની બેનને તેડવા માટે આરોપીએ ગાળો બોલી ઢીકા પાટું માર મારી ફરી વખત તેડવા આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે.

મોરબી : જીપીસીબી ટીમે ૭૦૭ સિરામિક એકમમાં કર્યો સર્વે પૂર્ણ..

અત્યારસુધીમાં જીપીસીબી ટીમનો ૭૦૭ યુનિટોમાં સર્વે : ૨૮૭ કોલગેસ આધારિત એકમો ગેસ તરફ વળ્યા

મોરબી સિરામિક એકમમાં વપરાતા કોલગેસ પર સંપૂર્ણ પ્રતિબંધ અંગે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચુકાદા બાદ આદેશની અમલવારી કરવા માટે જીપીસીબી ટીમ સતત મથામણ કરી રહી છે જેમાં આજે ગાંધીનગરથી ચાર અધિકારીઓની ટીમ સ્થાનિક અધિકારીઓને સાથે રાખીને સિરામિક ઝોનમાં સર્વે અને ચેકિંગ કામગીરી કરી રહ્યા છે જે સર્વે ત્રણ દિવસ સુધી ચાલે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા એનજીટીના આદેશને પગલે સિરામિક એકમોને કોલગેસ પ્રતિબંધ માટેની નોટીસ પાઠવી દેવામાં આવી છે અને કોલગેસ પ્રતિબંધની જડબેસલાક અમલવારી માટે સતત જીપીસીબી ટીમો કામગીરી કરી રહી છે જેમાં ૧૨ દિવસ પૂર્વે જ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ગાંધીનગરની પાંચ ટીમોએ સર્વે કામગીરી કરી હતી અને સિરામિક એકમોમાં કોલગેસનો વપરાશ બંધ થયો છે કે નહિ તેની સ્થળ વિઝીટ કરીને ખાતરી કરી હતી તો આજે ફરીથી જીપીસીબીના ગાંધીનગરથી ચાર અધિકારીઓ મોરબી પહોંચ્યા હતા અને સ્થાનિક અધિકારીઓની ટીમને સાથે રાખીને ચાર દિશામાં તપાસ ચાલી રહી છે જીપીસીબીના અધિકારી એન.આઈ. કાપડિયાએ જણાવ્યું હતું કે જીપીસીબીના ગાંધીનગરથી આવેલા અધિકારીઓ અને સ્થાનિક ટીમો દ્વારા સર્વે કામગીરી સતત ચાલી રહી છે અને અત્યાર સુધીમાં કોલગેસ આધારિત ૫૫૭ સહીત કુલ ૭૦૭ સિરામિક એકમોમાં સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે તેમજ આગામી બે થી ત્રણ દિવસ સુધી સર્વે કામગીરી ચાલે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે અને તમામ સિરામિક એકમોની રૂબરૂ મુલાકાત લઈને ટીમ સર્વે કામગીરી પૂર્ણ કરશે.

૨૮૭ એકમો કોલ ગેસીફાયર છોડી ગેસ તરફ વળ્યા

મોરબી પંથકમાં ૫૫૭ યુનિટો કોલગેસનો અગાઉ વપરાશ કરતા હતા જોકે એનજીટી દ્વારા કોલગેસ પ્રતિબંધ ચુકાદા બાદ અત્યાર સુધીમાં કુલ ૨૮૭ એકમો નેચરલ ગેસ તરફ વળ્યા છે તો બાકી એકમોને પણ વહેલા મોડા નેચરલ ગેસનો વિકલ્પ સ્વીકારવો પડશે.

ભુજ શહેર વિસ્તારના અસામાજીક તત્વો પર પોલીસની તરાપ : હથીયાર બંધીના જાહરેનામાનો ભંગ બદલ ફરિયાદ નોંધાઈ



ભુજ કચ્છ: પોલીસ અધિક્ષક સૌરભ તોલંબીયાની સુચનાથી અને નાયબ પોલીસ અધિક્ષક જે.એન.પંચાલના સુપરવિઝન હેઠળ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એમ.બી.ઔસુરાના માર્ગદર્શન મુજબ ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૫૫/૧૯ આઈ.પી.સી. કલમ-૩૦૭ મુજબના ગુના કામેના આરોપીઓ શોધી કાઢવા માટે પશ્ચિમ કચ્છ ભુજ જિલ્લાની એલ.સી.બી., એસ.ઓ.જી., તેમજ ભુજ શહેર એ ડીવીઝન, ભુજ શહેર બી ડીવીઝન પો.સ્ટે. તેમજ પોલીસ હેડ કવાર્ટરના અધિકારી/કર્મચારીઓની ટીમો બનાવી આરોપીઓના રહેણાંકના મકાને ઝડતી તપાસ કરતા આરોપી મુજાહિદ અલીમામદ હિંગોરજા, રહે. આઝાદનગર, સલ્ફીયા મસ્જીદની બાજુમાં, ભુજ-વાળાના રહેણાંકના મકાનમાંથી મારક અલગ-અલગ હથીયારો નાની-મોટી છરી નંગ-૧૦, તલવાર નંગ-૦૪, ધારીયુ નંગ-૧ તથા કુહાડી નંગ-૦૨ હથીયારો મળી આવેલ છે.

તેમજ આ કામેના અન્ય એક આરોપી એજાજ સ/ઓ અલીમામદ બાફણ, રહે.સંજયનગરી, ગ્રાંડ થ્રી ડી હોટલની સામે, ભુજ વાળાના રહેણાંકના મકાનમાંથી મારક હથીયારો નાની મોટી છરી નંગ-૦૩,ધારીયા નંગ-૦૧ એરગન નંગ-૦૧ હથીયારો મળી આવેલ, સદરહું આરોપીઓએ પોતાના રહેણાંકના મકાનમાં મારક હથીયારો એકઠા કરી રાખેલ હોય ઉપરોક્ત બંને આરોપીઓ વિરૂધ્ધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ ભુજના હથીયાર બંધીના જાહરેનામાનો ભંગ કરેલ હોય જેઓ બંને આરોપીઓ વિરૂધ્ધ ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન મધ્યે જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબની ફરીયાદ રજીસ્ટર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

દક્ષિણ ગુજરાતમાં કાળઝાળ ઉનાળો સુરતમાં તાપમાન ૪૧ ડીગ્રી નજીક

હજુ પણ એક બે દિવસ તાપમાનમાં વધારો થવાની શક્યતા

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત રાજ્યમાં અધિકતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી વટાવી ગયો છે. શહેરીજનોને બપોરના સમયે આકરા તાપનો સામનો કરવાની ફરજ પડી રહી છે. આગામી એક બે દિવસ દરમ્યાન ગરમીનો પારો નજીવો ઘટે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૪૦.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૪ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૮ ટકા અને હવાનું દબાણ ૧૦૧૨ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૬ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે વધુ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૬.૫ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં આજે અધિકતમ તાપમાન ૩૭.૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૧ ડીગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૪ દિવસથી ગરમીનો પારો સતત ૪૦ ડીગ્રીની આસપાસ રહેતા બપોરના સમયે અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આવતીકાલથી પવનની દિશા બદલવાની સાથે ગરમીમાં આંશિક રાહત મળે તેવી શક્યતા છે.

મતદાનના ૪૮ કલાક પૂર્વે ચૂંટણી પ્રચાર બંધ કરી દેવા ફરજિયાત

વલસાડ

આગામી લોકસભાની સામાન્ય ચુંટણી તા.૨૩મી એપ્રિલ-૨૦૧૯ ના રોજ યોજાનાર છે. ચુંટણી યોજવા અંગે આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે આપવામાં આવેલ સૂચના મુજબ જિલ્લામાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી.મોડિયાએ મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ રાજકીય નેતાઓ, ઉમેદવારો, કાર્યકરો તથા જિલ્લાના રહીશ ન હોય તેવા લોકોએ પણ મતદાનના ૪૮ કલાક પહેલા ચુંટણી પ્રચાર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કર્યે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ ક્સુરવાર સામે પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

લોકસભા બેઠક માટે ઉમેદવારીપત્રક ૮'મી એપ્રિલ સુધી પાછું ખેંચી શકાશે

વલસાડ

૨૬-વલસાડ લોકસભા મતવિસ્તોરના ઉમેદવારી પત્રો જિલ્લા ચૂંટણી અધિકારી, ૨૬-વલસાડ લોકસભા મતવિસ્તાાર અને કલેક્ટદર વલસાડ અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, વલસાડ સબ ડિવિઝનને પ્રાંત કચેરી વલસાડ ખાતે તા.૨૮/૩/૧૯થી તા.૪/૪/૨૦૧૯ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય કોઈપણ દિવસે સવારના ૧૧-૦૦ થી બપોરના ૩-૦૦ દરમિયાન ઉમેદવાર અથવા તેની દરખાસ્તિ કરનાર વ્યતકિત દ્વારા પહોંચાડી શકાશે. ઉમેદવારીપત્રોની ચકાસણી તા.૫/૪/૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ચુંટણી અધિકારી ૨૬-વલસાડ લોકસભા મતદાર વિભાગ અને કલેક્ટપર વલસાડ, કોન્ફકરન્સહ હોલ, કલેક્ટરર કચેરી, વલસાડ ખાતે કરાશે. ઉમેદવાર કે તેના નામની દરખાસ્તા મૂકનાર વ્યક્તિ પૈકી એક વ્યેક્તિર કે ઉમેદવાર જેને લેખિતરૂપે અધિકૃત કર્યા હોય તેવા તેના ચૂંટણી એજન્ટા ઉમેદવારી પાછી ખેંચવાની નોટીસ તા.૮/૪/૧૯ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યાન પહેલાં પહોંચાડી શકશે.

ચૂંટણીની સંવેદન શીલ કાર્યમાં બેદરકારી ચલાવી લેવાશે નહીં : નવસારી કલેક્ટર

નવસારી ખાતે ચૂંટણી કામગીરી માટેના નોડલ ઓફિસરોની બેઠક યોજાઈ

નવસારી

જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.એમ.ડી.મોડીયાના અધ્યક્ષસ્થાને ચુંટણી કામગીરી માટેના નોડલ ઓફીસરોની બેઠક યોજાઈઈ હતી.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે ૨૫-નવસારી લોકસભા મતદાર વિભાગમાં જુદી જુદી કામગીરીના નિયુક્ત કરાયેલા નોડલ ઓફિસરોને ચૂંટણીલક્ષી કામગીરી બાબતે માર્ગદર્શન આપતા ડો.એમ.ડીમોડીયાએ ચૂંટણી જેવી સંવેદનશીલ કામગીરી બાબતે ખૂબ જ ચોક્સાઈ અને ગંભીરતા દાખવવા જણાવ્યું હતું. ચૂંટણી પૂર્વે તથા ચૂંટણી બાદની કરવાની થતી કામગીરી બાબતે કોઈપણ અધિકારી ત તતક તથા કર્મચારીઓની બેદરકારી કે નિષ્કાળજી ચલાવી નહી લેવાય તેવી તાકીદ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ કરી હતી.

ચૂંટણીની તમામ કામગીરી ક્ષતિરહિત થાય તે માટે તમામ ફરજ નિયુક્ત અધિકારી તથા ર્મચારીઓ તેમને સોંપવામાં આવેલી કામગીરી બાબતે પૂર્ણ જાણકારી મેળવી, ચૂંટણી સંલગ્ન નીતિ નિયમોની પૂર્ણ જાણકારી સાથે તેમની ફરજ બજાવે તે આવશ્યક છે તેમ જણાવી ડો.એમ.ડી.મોડીયાએ નોડલ ઓફિસરોને તેમણે હાથ ધરેલ કામગીરી બાબતે જરૂરી માહિતી મેળવી, ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડયુ હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડયા, નિવાસી અધિક કલેક્ટર શ્રી કે.જે.રાઠોડ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.આર.જાપતિ સહિતના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

નકલી પોલીસે દારૂ સાથે વેપારીને પકડી માર મારી રૂા.૫૫ હજાર લૂંટી લીધા

પોલીસના સ્વાંગમાં ફરતા બે લૂંટારૂઓ વિરૂદ્ધ ફરિયાદ

સુરત

વરાછા લંબેહનુમાન રોડ ઉપર કાપડની દુકાન ધરાવતા વેપારી પાસેથી મળી આવેલી બે દારૂની બોટલ સાથે પકડી પાડી પોલીસના સ્વાંગમાં બે અજાણ્યા વ્યક્તિએ રિક્ષામાં ગોંધી રાખી રૂપિયા એક લાખની માંગણી કરી રૂપિયા ૫૫ હજારની લૂંટ કરી નાસી ગયા હતા.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લંબેહનુમાન રોડ ઉપર કાપડની દુકાન ધરાવતા નરેન્દ્રસિંગ લક્ષ્મણસિંગ ચુડાવતને બે અજાણ્યા વ્યક્તિએ પોલીસના સ્વાંગમાં બે દારૂની બોટલ સાથે પકડી લઈ હાથકડી પહેરાવી રિક્ષામાં બેસાડી અંધારા તરફ લઈ જઈ ખિસ્સામાંથી એક હજાર રૂપિયા પડાવી લઈ રૂપિયા એક લાખની માંગ કરી કુલ ૫૫ હજાર મેળવી લઈ નાસી ગયા હતા. વરાછા પોલીસે ફરિયાદ નોંધી પો.સ.ઈ. ડી.જે. ચોરડીયાએ તપાસ હાથ ધરી છે.

સુરત લોકસભા બેઠક ચૂંટણી અંગે

સુરત કલેક્ટર અથવા પ્રાંત અધિકારી સમક્ષ ઉમેદવારીપત્ર નોંધાવી શકાશે

તા.૫'મીએ ફોર્મની ચકાસણી

સુરત

આગામી તા. ૨૩મી, એપ્રિલના રોજ યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન ૨૪-સુરત લોકસભા સંસદીય મતવિસ્તારની સામાન્ય ચૂંટણી માટે મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને સુરત જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલ દ્વારા મતદાર વિભાગ માટે ચૂંટણી નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

લોકસભા મતદાર વિભાગના સભ્યની ચુંટણી માટેના ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મુકનાર પૈકી કોઈ એક વ્યકિત ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરતની કચેરી, જિલ્લા સેવા સદન-૨, ૫ મો માળ, બી-બ્લોક, અઠવાલાઈન્સ, સુરત અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, સીટી સબ ડીવીઝનની કચેરી, એ/૩, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત ખાતે મોડામાં મોડી તા.૪/૪/૨૦૧૯(ગુરુવાર) સુધીમાં કોઈ પણ દિવસે (જાહેર રજા સિવાય) સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં નામાંકનપત્રો પહોંચાડી શકશે. નામાંકનપત્રોના ફોર્મ ઉપર દર્શાવેલ સ્થળે અને સમયે મળી શકશે. તા.૫/૪/૨૦૧૯ના રોજ નામાંકન પત્રોની ચકાસણી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીની કચેરી ખાતે કચેરી ખાતે સવારે ૧૧.૦૦ વાગે કરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવા અંગેની નોટીસ ઉપર જણાવેલા અધિકારી ઓમાંથી ગમે તે એક અધિકારીને તેમની કચેરીમાં તા.૮/૪/૨૦૧૯ના રોજ બપોરના ૩.૦૦ વાગ્યા પહેલા પહોંચાડવાની રહેશે. ચુંટણીનું મતદાન તા.૨૩/૪/૨૦૧૯ના રોજ સવારે ૭.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા વચ્ચે થશે તેમ સુરત જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરની યાદીમાં જણાવાયું છે.

મતદાન કેન્દ્રમાં સાદી ટોપી પહેરીને પ્રવેશ કરી શકાશે

રાજકીય પક્ષોના ચિન્હોવાળી ટોપી પહેરી શકાશે નહી

નવસારી

આગામી લોકસભાની સામાન્ય ચુંટણી તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ યોજાનાર છે. નવસારી જિલ્લામાં મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી યોજવા અંગે આદર્શ આચારસંહિતા અમલીકરણ માટે જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી.મોડિયાએ મળેલી સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારના તમામ મતદાન મથકોમાં કોઈપણ વ્યકિત રાજકીય પક્ષનું નામ, પ્રતિક કે સુત્ર સાથેની ટોપી, સાલ કે પહેરવેશ સહિત પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જેના ઉપર કોઈપણ પ્રતિક કે સુત્ર ન હોય તેવી સાદી ટોપી પહેરીને મતદાન મથકમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૦ ની પેટા કલમ (૨), (૩) મુજબ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે.



લોકસભા-૨૦૧૯ને ધ્યાનમાં રાખી સુરતમાં ભાજપા દ્વારા યોજવામાં આવેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રવકતા ભરતભી પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ સહિત યુપીએ સરકાર પાસે ચૂંટણીલક્ષી કોઈ મુદ્દો નથી. યુપીએના શાસનમાં બોફોર્સ, અગસ્તા, નેશનલ હોરાલ્ડમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. ગાંધી પરિવાર જામીન મુક્ત છે. ત્યારે ચોકીદાર ચોર છે તેવો કોંગ્રેસ પક્ષ લોકોમાં ગુમરાહ કરી રહ્યો છે. પત્રકાર પરિષદમાં શહેર પ્રમુખ નીતિનભાઈ ભજિયાવાળા, મેયર ડૉ. જગદીશ પટેલ દૃશ્યમાન થાય છે.

પ્રેમિકાની વાતથી માઠું લાગતા પ્રેમીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સુરત

પ્રેમમાં ક્યારેક કરૂણ અંત આવતો હોવાના અનેક કિસ્સાઓ બનતા રહે છે. આવો જ એક કિસ્સો સુરતમાં બન્યો છે. મોબાઈલ ફોન ઉપર પ્રેમિકા સાથેની વાતચીત દરમિયાન માઠું લાગી આવતા પાંડેસરાના યુવાને ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. જુવાનજોધ પુત્રના અકાળે મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ પાંડેસરા ખાતેની આશાપુરી સોસાયટીમાં રહેતા ૧૮ વર્ષનાં યુવકની ઘરમાંથી લાશ મળી આવી હતી. જીગરે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું પોલીસ જણાવી રહી છે. પોલીસના કહેવા મુજબ જીગત ગત વર્ષે ધોરણ ૧૦માં નાપાસ થયો હતો. ત્યારબાદ ઘરે જ હતો. જીગરની તેની પ્રેમિકા સાથે મોબાઈલ ફોન ઉપર વાત થઈ હતી. દરમિયાન બપોરે તેણે ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાનું પરિવારના સભ્યોએ પોલીસને કહ્યું હતું.

પોલીસ પ્રાથમિકતપાસ દરમિયાન જીગરને મોબાઈલ ફોન ઉપર પ્રેમિકા સાથેની વાતચીત દરમિયાન તેણીની કોઈ વાતથી માઠું લાગ્યું હતું. જેના પગલે તેણે આવેશમાં આવી આપઘાત કરી લીધો હતો. મૃતક જીગરનો બીજો એક ભાઈ અને એક બહેન છે. જીગરના અણધાર્યા પગલાથી પરિવારજનો ઘેરા શોકમાં ડૂબી ગયા છે. બનાવ અંગે પાંડેસરા પોલીસ તપાસ કરી રહી છે.

કાપોદ્રા ફાયર સ્ટેશન પાછળ રાત્રે છોટા હાથી ટેમ્પામાં આગ

ડ્રાઈવરે સમયસર ટેમ્પો થોભાવી દેતા જાનહાનિ ટળી

સુરત

ગતરાત્રે કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેથી પસાર થઈ રહેલ છોટા હાથી ટેમ્પોમાં અચાનક આગ લાગતા ટાયર કેબીન અને સીટેન નુકસાન થયું છે. ચાલકે સમયસર ટેમ્પો થોભાવી દેતા કોઈપણ પ્રકારની જાનહાનિ ન થઈ.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ કાપોદ્રા ફાયર સ્ટેશન પાછળથી ગત રાત્રે સાડા દસેક વાગ્યાના સુમારે છોટા હાથી ટેમ્પો પસાર થી રહ્યો હતો. અચાનક ચાલુ ટેમ્પોમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ટેમ્પો થોભાવીને ચાલક નીચે ઉતરી જઈ ફાયર વિભાગને જાણ કરી હતી. સમયસર ફાયર સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈ ટેમ્પોમાં લાગેલી ાગને કાબુમાં લીધી હતી. જીજે-૫-એવી-૯૭૨૧ છોટા હાથી ટેમ્પો ચાલક ગુણવંત મકવાણાના જણાવ્યા અનુસાર આગથી ટેમ્પોની કેબિન, સીટ અને ટાયરને નુકસાન થયું છે. આગનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોઈ શકે.

લીવ ઈનમાં રહેતા પ્રેમીએ પ્રેમિકાને મોતને ઘાટ ઉતરતા ચકચાર મચી

સુરત

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં પ્રેમીએ જ પોતાની પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી હોવાની ઘટના બની છે. મંદિર ગામે પતિ-પત્ની તરીકે લીવ ઈન રિલેશનમાં રહેતા પ્રેમીએ તેની પ્રેમિકાનો અન્ય પુરુષ સાથે આડો સંબંધ હોવાનો વહેમ રાખી પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી હતી. હત્યાને અંજામ આપીને હત્યારો ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જોકે પોલીસે તેને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે જલાલપોર તાલુકાના મંદિર ગામના જયેશભાઈ ધીરુભાઈ પટેલે જલાલપોરે પોલસમાં આપેલી ફરિયાદ મુજબ તેમની સાળી જયશ્રીબેન હળપતિ મહેશ નાનુભાઈ હળપતિ સાથે એક જ મકાનમાં લીવ ઈન રિલેશનમાં પતિ પત્ની તરીકે સાથે રહેતા હતા.

મહેશ હળપતિને જયશ્રીબેનનો અન્ય પુરુષ સાથે સંબંધ હોવાની શંકા હતી. આ શંકાને પગલે તેણે જયશ્રીબેનને મારઝૂડ કરી ચપ્પુનાઘા કરી તેને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

થોડીવાર બાદ પુનઃ તેણે ઘરમાં આવી કુહાડી લઈ જયશ્રીબેનને છાતીના તથા ગળાના ભાગે ઘા કરી તેનું મોત નિપજાવી નાસી છૂટ્યો હતો. જયેશભાઈની આ ફરિયાદને પગલે જલાલપોર પોલીસે ગુનો દાખલ કરી ફરાર મહેશ હળપતિને થોડાક કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

ઉધના-મગદલ્લા રોડ પર વેપારીને પિસ્તોલ દેખાડી રૂા.૧.૩૭ લાખની લૂંટ

વિપુલ ટેલર સહિતના ૭ લૂંટારૂઓ સ્પ્રે છાંટી વેપારીને લૂંટી ગયા

સુરત

ઉધના-મગદલ્લા રોડના વેપારીને પિસ્તોલ જેવુ હથિયાર બતાવી રૂા.૧.૩૭ લાખની લૂંટ કરી લૂંટારૂ ટોળકી નાસી ગઈ હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉધના મગદલ્લા રોડ સાંઈ કુટીર સોસાયટીમાં રહેતાં સુમન સાંઈરામ મંડલે આરોપી વિપુલ ટેલર સહિત સાત જણાં વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી સુમન સાંઈરામ મંડલ તથા મિત્ર ધનજંય, રણજીતને આંતરીને ઘાતક શસ્ત્રો બતાવી ઢીક મુક્કીનો માર મારી આંખે સ્પ્રે છાંટી પાંચ મોબાઈલ ફોન, રોકડા રૂા.૮૦૦૦૦, બેંકના કાર્ડ સહિત રૂા.૧.૩૭ લાખની લૂંટ કરી ફરિયાદીની ગાડીના કાચ તોડી નાસી ગયા હતા. બનાવ અંગે ઉમરા પોલીસે લૂંટ, આર્મ્સ એક્ટ અન્વયે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચૂંટણી દરમિયાન ફરિયાદ હોય તો કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરવા

એમસીસી ફ્લાંઈગ સ્કવોર્ડ કાર્યરત કરાઈ

વ્યારા

આગામી તા. ૨૩મી, એપ્રિલે યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન યોજાનારી ૨૩-બારડોલી લોકસભા સંસદીય મતવિસ્તારની ચૂંટણીનું તા. ૨૮મી, માર્ચના રોજ ચૂંટણી અધિકારી આર .એસ.નિનામા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરતાની સાથે જ એમ.સી.સી, ફ્લાઈંગ સ્કવોર્ડ સહિતની ટીમો કાર્યરત થઈ ગઈ છે.

મતદારોની સુવિધા માટે ૨૩-બારડોલી સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ઠ સાતે સાત વિધાનસભા મતદાર વિભાગમાં કંટ્રોલ રૂમ કાર્યરત છે. જિલ્લા કક્ષાએથી મતદારો હેલ્પલાઈનનો ઉપયોગ કરી મતદાર યાદી તેમજ ચૂંટણીલક્ષી માહિતી મેળવી શકે એ માટે ટોલ ફ્રી નંબર ૧૯૫૦ ચોવીસે કલાક કાર્યરત કરે છે. ચૂંટણી દરમિયાન કોઈ પણ વ્યક્તિને તેના મતાધિકારના ઉપયોગ માટે પ્રલોભન આપવાના ઉદ્દેશથી રોકડ કે વસ્તુની લાંચ આપવી કે લેવી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૧-ખ મુજબ જયારે ઉમેદવાર, મતદાર કે કોઈ વ્યક્તિને ઈજા પહોંચાડવાની ધાક ધમકી આપવી ભારતીય દંડસંહિતાની કલમ ૧૭૧-ગ મુજબ એક વર્ષની કેદ અથવા દંડ અથવા બંને સજા થઈ શકે છે. આવા બનાવો રોકવા માટે ચૂંટણી અધિકારી દ્વારા ફલાઈંગ સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. કોઈ નાગરિકને આ પ્રકારની લાંચ કે ધાક ધમકી મળે એવા સંજોગોમાં જિલ્લાના ટોલ ફ્રી નંબર ૧૯૫૦ ઉપર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી શકે છે.



લોકસભા ચૂંટણીનું જાહેરનામું ગઈકાલે પ્રસિદ્ધ થતા ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત આરંભ થઈ ગયો છે. સાથે સાતે રોકડા રૂપિયા સહિતની વાંધાજનક ચીજવસ્તુઓ પકડવા શહેરમાં ઠેર-ઠેર સ્ટેટીક ટીમ દ્વારા વાહનોનું ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

વરાછા સાધના સોસા. પાસે દોડતી સીએનજી કારમાં આગ

કારમાં આગ ફાટી નીકળતા ચાલક પણ હાથમાં દાઝી ગયો

સુરત

આજે સવારે દસેક વાગ્યાના સુમારે વરાછા હીરાબાગ પાસે આવેલ સાધના સોસાયટી સામે રસ્તા પર દોડતી કારમાં આગ લાગતા સમય સૂચકતા વાપરી ચાલકે કાર થોભાવી ઉતરી ગયો હતો. ચાલક હાથના ભાગે દાઝી ગયો હતો. જ્યારે સીએનજી એસ્ટીમ કાર આગથી સંપૂર્ણ નાશ પામી છે.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ વરાછા હીરાબાગ નજીક સાધના સોસાયટી પાસે આજે સવારે દસેક વાગ્યાના સુમારે એક કારમાં આગ લાગી હતી. રસ્તા પર દોડી રહેલી એસ્ટીમ કારમાં આગ લાગતા ચાલકે કાર થોભાવી નીચે ઉતરી ગયો હતો. ચાલક કારના દરવાજા ખોલતી વખતે હાથના ભાગે દાઝી ગયો હતો. બનાવ અંગે તાત્કાલિત ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર ઓફિસર રોઝી વાડીયા તાત્કાલિત ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. આગ કાબુમાં આવી તે દરમ્યાન આખી કાર આગમાં સંપૂર્ણ બળી ગઈ હતી. કાર ચાલક નરેશ પોપટ ધોડીયાના જણાવ્યા અનુસાર એસ્ટીમ કાર નં.જીજે-૫-બીપી-૪૫૫૭ વર્ષ ૨૦૦૫ના મોડલની સીએનજી કાર છે. આગથી આખી કાર સંપૂર્ણ બળી ગઈ હતી. કાર ચાલક કારમાંથી ઉતરતી વખતે દરવાજો ખોલતી વખતે હાથના ભાગે સામાન્ય રીતે દાઝી ગયો હતો.

મતદાન કેન્દ્રના ૨૦૦ મીટર ક્ષેત્રમાં ટેબલ-ખુરશી ગોઠવવા પર પ્રતિબંધ

નવસારી

લોકસભાની સામાન્ય ચૂંટણી તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીના સરળ સંચાલન, આચાર સંહિતાની સૂચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથક ઉપર મતદારો માટે અવરોધો ઉભા ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી છે. ચુંટણી મુકત, ન્યાયી અને સરળ થાય તે હેતુસર નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી.મોડિયાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામાં ધ્વારા નવસારી જિલ્લામાં મતદાનના દિવસે તા.૨૩/૦૪/૧૯ ના રોજ મતદાન મથકની ૨૦૦ મીટરની અંદર કોઈ ટેબલ કે ખુરશીઓ કે કોઈ મંડપ કે તાડપત્રીના ટુકડાની કે છત્રીની વ્યવસ્થા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કર્યે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ કસુરવાર સામે પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વઘઈના ધોડી ગામે મારામારીના કેસમાં આરોપીને બે વર્ષની કેદ

અનિલ જતરુભાઈ પવારને ગુનેગાર ઠેરવતી કોર્ટ

ડાંગ

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ઘોડી ગામના શ્રી સુરેશભાઈ વાળલ્યાભાઈ પવારને જુની અદાવત રાખી માર મારવાના કેસમાં, તે જ ગામના આરોપી અનિલ જતરૂભાઈ પવારને વઘઈની જે.એમ.એફ.સી. કોર્ટે બે વર્ષની કેદની સજા ફટકારી છે.

કેસની વિગતો જોઈએ તો સને ૨૦૧૪ની ૧૦મી જાન્યુઆરીના દિવસે બપોરના લગભગ સાડા ત્રણ વાગ્યાના સુમારે ફરિયાદી ઠુંઠુનિયા અને ઘોડી ગામ વચ્ચેથી તેમની મોટર સાયકલ ઉપર પસાર થઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં આરોપી અનિલ જતરૂભાઈ પવારે તેમને આંતરી, જુની રાજકીય અદાવત રાખી માર માર્યો હતો. ત્યાર બાદ ફરીથી કુહાડીથી હુમલો કરવાની કોશિશ કરતા ફરિયાદીએ વઘઈ પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી અનિલભાઈ જતરૂભાઈ પવારને કોઈક કારણોસર સરવર ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ પદેથી સસ્પેન્ડ કરાયા હતા. જે બાબતે આરોપીએ ફરિયાદીએ જ તેમને સસ્પેન્ડ કરાવ્યા છે તેવા આરોપો સાથે હુમલો કરી મારામારી કરી, ફરિયાદીને શારીરિક ઈજાઓ પહોંચાડી હતી. આ કેસ વઘઈની જે.એમ.એફ.સી. કોર્ટમાં ચાલી જતા, જે.એમ.એફ.સી. ન્યાયાધિશશ્રીએ આરોપીને ઈ.પી.કો.ની કલમ-૩૨૩, અને ૩૨૫ મુજબના ગુનામાં તકસીરવાર ઠેરવી, બે વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫ હજાર વળતર ફરિયાદીને ચુકવવાનો હુકમ કર્યો છે.

તંત્રી સ્થાનેથી...

રાહુલ દરેક દાવ રમે છે

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી જે રીતે પાર્ટીમાં જુદા જુદા સ્તર પર ફેરફાર કરી રહ્યા છે અને હાલમાં સક્રિય થયેલા છે તે જોતા લોકસભાની ચૂંટણીમાં તેમને ચોક્કસપણે ફાયદો કરાવશે. જો કે હજુ પણ તેમની સામે પડકારો ઓછા નથી. કારણ કે કેન્દ્રમાં સત્તામાં પહોંચાડી શકે તેવા રાજ્યમાં કોંગ્રેસ પાર્ટી આજે પણ સ્પર્ધામાં દેખાઈ રહી નથી. જેમ કે ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળમાં તેની સ્થિતી સારી દેખાઈ રહી નથી. હાલમાં હિન્દી પટ્ટાના ત્રણ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં જીત તેમજ ગુજરાતમાં શાનદાર દેખાવ બાદ આશા ચોક્કસપણે જાગી છે પરંતુ તેમની સામે પડકારો ખુબ વધારે છે.

હાલમાં જુદા જુદા રાજ્યોમાં તેમના આક્રમક પ્રચારના કારણે જ ભારતીય જનતા પાર્ટીને તેમની તમામ તાકાત લગાવી દેવાની ફરજ પડી છે. તેમના જોરદાર પ્રચારના કારણે જ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગમાં પાર્ટીને જીત મળી હતી. કર્ણાટક અને ગુજરાતમાં પાર્ટીની હાર થઇ હોવા છતાં પાર્ટી સન્માનજનક સીટો મેળવી શકી હતી અને જેડીએસની સાથે મળીને આજે સરકાર બનાવી શકી હતી. કર્ણાટકના ગઢને જાળવી રાખવામાં સફળ રહી હતી. રાહુલ ગાંધીના ઝંઝાવતી પ્રચારના કારણે ગુજરાત જેવા ભાજપના સૌથી મોટા ગઢમાં કોંગ્રેસે જોરદાર ગાબડા પાડી દીધા હતા અને સત્તા મેળવતા સહેજમાં રહી ગઇ હતી. ભાજપની સીટોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. ભાજપ પોતાની પ્રતિષ્ઠા જ જાળવી શક્યો હતો. તેમની મહેનત રાજસ્થાન અને અન્ય રાજ્યોમાં પણ દેખાઇ રહી છે. તેમના પ્રચારની રણનિતી અને જુદા જુદા પાર્ટી નેતાઓને જે રીતે જવાબદારી સોંપી રહ્યા છે તેમનાથી ફાયદો થઇ રહ્યો છે. રાહુલ ગાંધી આ જ રીતે પાર્ટીની પ્રતિષ્ઠાને સુધારી દેવા અને ભાજપ સામે જોરદાર રીતે મેદાનમાં ઉતરવા માટેની તૈયારી કરી રહ્યા છે. ભાજપને સત્તા પરથી દુર કરવા માટે એકબાજુ જુદા જુદા પક્ષો સાથે હાથ મિલાવવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. બીજી બાજુ પોતાની પાર્ટીમાં પણ મોટા પાયે ફેરફાર કરી રહ્યા છે અને યોગ્ય જવાબદારી અસરકારક લોકોને આપી રહ્યા છે. ચૂંટણી પહેલા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પાર્ટી સંગઠનમાં મોટા ફેરફાર કરીને પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસ કર્યા છે. મોતીલાલ વોરાની જગ્યાએ વરિષ્ઠ નેતા અહેમદ પટેલને કોષાધ્યક્ષ બનાવી દેવામાં આવ્યા છે. તેમની સાથે મોતીલાલ વોરાને મહાસચિવની જવાબદારી સોંપવામાં આવી છે. રાજસ્થાનથી સંબંધ ધરાવનાર પાર્ટીના વરિષ્ઠ નેતા સીપી જોશીની જગ્યાએ ફલેરિયોને પૂર્વોત્તરના રાજ્યોના પ્રભારી મહાસચિવ બનાવવામાં આવ્યા છે. ફલેરિયો ગોવાના પૂર્વ મુખ્યમંત્રી છે. વરિષ્ઠ નેતા આનંદ શર્માને કરનસિંહની જગ્યાએ પાર્ટીના વિદેશી મામલાઓના વિભાગના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. લોકસભાના પૂર્વ અધ્યક્ષ મીરાકુમારને કોંગ્રેસ કારોબારી સમિતિમાં સ્થાયી આમંત્રિત સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા છે. પ્રિયંકા ગાંધીને ઉત્તરપ્રદેશમાં મોટી જવાબદારી સોંપી દેવામાં આવી છે. આ તમામ બાબતો દર્શાવે છે કે રાહુલ આ વખતે દરેક હથિયારનો ઉપયોગ કરવા માટે ઇચ્છુક છે.

રાફેલ, નોટબંધી અને જીએસટી સહિતના મુદ્દા ઉઠાવી રહ્યા હોવા છતાં પણ પડકારો

મોદી આજે પણ પડકારરૂપ

વિરોધ પક્ષોએ તેમની મહત્વકાંક્ષા બાજુએ મુકીને ભાજપને પછડાટ આપવાની રણનિતી સાથે મેદાનમાં ઉતરી જવાની રણનિતી તૈયાર કરી છે. આ રણનિતી અસરકારક સાબિત થઇ શકે છે. જો કે તેમની સામે સૌથી મોટી સમસ્યા એક લોકપ્રિય નેતાની અછત છે. દેશમાં જે રીતે નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા રહી છે તેવા કોઇ નેતા વિરોધ પક્ષ પાસે નથી.કોંગ્રેસ સહિત કોઇ પણ રાજકીય પાર્ટી પાસે મોદીના કદના અને લોકપ્રિય નેતા નથી. સરકારની કામગીરી ભલે કેટલાક મોરચા પર સારી રહી ન હોય પરંતુ મોદી આજે દેશના તમામ લોકોની અંદર સૌથી લોકપ્રિય નેતા છે. તેમના પ્રત્યે લોકો હકારાત્મક વલણ ધરાવે છે. જે વિરોધ પક્ષોની આશા અને તૈયારી પણ લોકસભા ચૂંટણીમાં પાણી ફેરવી શકે છે. કેટલાક સમયથી માત્ર ભાજપના નેતાઓ જ નહી બલ્કે એનડીએના તમામ નેતાઓ પણ એમ કહેતા નજરે પડી રહ્યા છે કે વિપક્ષનો એજન્ડા માત્ર એક પોઇન્ટ પર આધારિત છે અને તે છે મોદી હટાવો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સંસદની અંદર અને બહાર એમ કહેતા નજરે પડ્યા છે કે વિપક્ષનો એકમાત્ર એજન્ડા છે અને તે મોદી હટાવોનો છે. હકીકત જે પણ હોય. છેલ્લા વર્ષના ગાળામાં સરકારની લોકપ્રિયતા જે કઇ પણ રહી હોય પરંતુ સામાન્ય લોકોની વચ્ચે મોદી આજે પણ સૌથી મોટા ફેક્ટર તરીકે બનેલા છે. આ જ કારણ છઠે કે સત્તા પક્ષે વિરોધી પક્ષ પર એમ કહીને હુમલા કર્યા છે કે તેઓ માત્ર મોદીને હટાવવાના ઇરાદા સાથે ભેગા થયા છે. આના કારણે એકબાજુ મોદીના પ્રત્યે લોકોમાં સહાનુભુતિ થશે. બીજી બાજુ એવો સંદેશો પણ નિકળી રહ્યો છે કે મોદીને દુર કરવામાં આવ્યા બાદ વિપક્ષ કઇ પણ કરી શકવાની સ્થિતીમાં નથી.

અનિલ અંબાણીને ૩૦ હજાર કરોડ આપવાના આરોપ ખોટા...

રાફેલ : રાહુલ ગાંધીની પોલ ખુલી ગઇ

જ્યાં સુધી અમે ૯-૧૦ વર્ષના થયા ન હતા ત્યાં સુધી અમે તમામ બાળકો કાગળના વિમાનો બનાવીને ઉડાડતા હતા.થોડીક સેકન્ડોમાં જમીન પર પડી જતા હતા. અમે તેને ફરી ઉડાડતા હતા અને તે ફરી પડી જતા હતા. પરંતુ અમે બાળકો હતા જેથી આ રમતમાં ખુબ મજા આવતી હતી. પરંતુ અમે જેમ જ ૧૨થી ૧૩ વર્ષના થયા કે આ રમત રમવાનુ બંધ કરી દીધુ હતુ. પરંતુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી છે જે ૫૦ વર્ષની વયમાં પણ એ જ રમત રમી રહ્યા છે. કેટલાક તથ્યો પર નજર કરવામાં આવે તો કહી શકાય છે કે રાહુલના રાફેલ અને અન્ય મુદ્દા પર આરોપો આધારવગરના છે. રાહુલ ગાંધીના ખોટો આરોપોની પોલ તો હમેંશા ખુલતી રહે છે પરંતુ મોદીના અંધવિરોધી લોકો રાહુલના ખોટા આરોપોને પણ હકીકત તરીકે સ્વીકારવા માટે મજબુર છે. પહેલા તો દસાલ્ટ દ્વારા રાહુલના આરોપોની પોલ ખોલી દીધી હતી. ત્યારબાદ રાહુલે કહ્યુ હતુ કે તેઓએ ફ્રાન્સના પ્રમુખ સાથે વાત કરી છે. ફ્રાન્સના પ્રમુખે પણ કહી દીધુ કે રાહુલ ગાંધીની સાથે કોઇ વાત થઇ નથી. સુપ્રીમ કોર્ટ અને કેન્દ્રિય ઓડિટ વિભાગે પણ રાફેલ પર પોતાની તપાસમાં કોઇ પણ પ્રકારના કોંભાડનો ઉલ્લેખ કર્યો નથી. આ બાબતો આજે તમામ લોકો જાણે છે. રાહુલના મોદી પર એવા આરોપ કે અનિલ અંબાણીના ખિસ્સામાં ૩૦ હજાર કરોડ રૂપિયા નાંખી દીધા છે. આના પર પણ અનિલ અંબાણી સ્પષ્ટ પણે કહી ચુક્યા છે કે હજુ સુધી તેમને કોઇ રૂપિયા મળ્યા નથી. રાહુલ ગાંધીએ એમ ક્યારેય કહ્યુ નથી કે આ સુચના અને સંખ્યા તેમની પાસે ક્યાંથી આવી છે. રાહુલ ગાંધી એમ પણ રાફેલને લઇને દરેક વખત જુદી જુદી કિંમતો આપે છે. એટલે કે તેમની પાસે સાંચી માહિતી નથી. યાદ રાખવા જેવી બાબત છે કે પોતાની સરકારની અવધિના અંતિમ સત્રમાં સંસદમાં તત્કાલીન



અંબાણીની કંપની ૧૦-૧૨ દિવસ જુની છે અને તેની પાસે વિમાન બનાવવા માટે અનુભવ નથી તેવા રાહુલના આરોપો બિલકુલ ખોટા છે

સંરક્ષણ પ્રધાને કહ્યુ હતુ કે તેમની સરકારની પાસે રાફેલની ખરીદી કરવા માટે પૈસા નથી. તેઓ પોતાની સરકારના એ મુલ્યની તુલના કરી રહ્યા છે જે ક્યારેય રાખવામાં આવી ન હતી. એટલુ જ નહીં આ ઝુઠ્ઠાણાના કારણે અનિલ અંબાણીએ કોંગ્રેસના એક નેતાની સામે તો માનહાનીનો કેસ દાખલ કરી દીધો હતો. બીજો જુઠ્ઠાણો આરોપ એ રહ્યો છે કે રિલાયન્સ ડિફેન્સ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસેસ કંપની માત્ર ૧૩ દિવસ જુની છે. આ કંપનીની સ્થાપના ૧૭મી ઓક્ટોબર ૧૯૯૭ના દિવસે કરવામાં આવી હતી. ત્યારે તે કંપનીનુ નામ પિપાવ શિપ ડિસમેન્ટલિંગ એન્ડ એન્જિનિયરિંગ હતુ. ત્યારબાદ ૧૯મી એપ્રિલ ૨૦૦૫ના દિવસે આનુ નામ બદલીને પિપાવ શિપયાર્ડ કરી દેવામાં આવ્યુ હતુ. ડિસેમ્બર ૨૦૦૬માં આ કંપનીને ફ્રાન્સની બોરબોન ગ્રુપની એક કંપની પાસેથી શિપ માટે ઓર્ડર મળ્યો હતો. જુન ૨૦૦૯માં ઓએનજીસી પાસેથી ૧૨ તેલ ટેન્કર શિપ માટે ઓર્ડર મળ્યો હતો. વર્ષ ૨૦૧૦માં રશિયાની કંપની રોસોબોરોન એક્સપોર્ટ કંપનીની સાથે એક કરાર કરવામાં આવ્યો હતો. જે શિપ નિર્માણ માટેનો કરાર હતો. ભારતીય નોકા સેના માટે પણ શિપ બનાવવા માટેનો કરાર મળ્યો હતો. વર્ષ ૨૦૧૧માં ફ્રાન્સની એરબસ સાથે વિમાનોના કેટલાક સામાન બનાવવા માટે ઓર્ડર મળ્યો હતો. આ જ વર્ષે બ્રિટનની કંપની બોબકોકની સાથે આધુનિક વિમાન બનાવવા માટે સમજુતી થઇ હતી. હવે તેનુ નામ બદલીને પિપાવ શિપયાર્ડથી પિપાવ ડિફેન્સ એન્ડ ઓફશોર એન્જિનિયરિંગ કંપની રાખવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૧૩માં ઓએનજીસી અને અનેક યુરોપિયન દેશો માટે શિપ બનાવવા માટે ઓર્ડર મળ્યો હતો. આ દોરમાં તો કોંગ્રેસની જ સરકાર હતી. આ કંપની ભારતીય નોકા સેના માટે કામ કરી રહી હતી. એ વખતે કોઇએ કહ્યુ ન હતુ કે અનિલ અંબાણીના ખિસ્સામાં પૈસા ઉમેરી દેવામાં આવ્યા છે. આ ઓફસેટ પોર્ટનરવાળા કોન્ટ્રાક્ટ પણ ન હતા. અહીં આ બાબત કહેવી જરૂરી છે કે રાફેલના ઓફસેટ પાર્ટનરમાં માત્ર અનિલ અંબાણીની જ કંપની નથી. બલ્કે આશરે ૧૫૦ કંપનીઓને જુદા જુદા સ્પેરપાર્ટસ બનાવવા માટેની મંજુરી આપવામાં આવી છે. વર્તમાન સોદામાં મુખ્ય અને ગુમ પાર્ટ તો માત્ર દસોલ્ટ બનાવનાર છે. વર્ષ ૨૦૧૬માં આ કંપનીનુ નામ બદલીને રિલાયન્સ ડિફેન્સ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસેસ કરી દેવામાં આવ્યુ હતુ. જેથી કહી શકાય છે કે અનિલ અંબાણીની કંપની માત્ર ૧૦-૧૨ દિવસ જુની કંપની છે. તેની પાસે વિમાન બનાવવા માટે અનુભવ નથી. આ તમામ આરોપો રાહુલના ખોટા દેખાય છે. બિનજરૂરી આક્ષેપબાજી કરીને લોકોને ગેરમાર્ગે દોરનાર પાર્ટીથી સાવધાન થવાની જરૂર છે.

રાફેલ : ઓફસેટ પાર્ટનર બનવાનો દાવા કંપનીએ કર્યો હતો પરંતુ...

એચએએલે સમયસર કામ કર્યા નથી

રાફેલ વિમાનોને લઇને વિવાદ થયો છે ત્યારે એચએએલનુ નામ પણ સપાટી પર આવ્યુ છે. તેની પાસે વર્તમાનમાં એક લાખ કરોડ રૂપિયાથી વધુના ઓર્ડર પેન્ડિંગ રહેલા છે. જેને સમયસર પૂર્ણ કરવાને લઇને તેની સામે કેટલીક સમસ્યા આવી રહી છે. તેના કોઇ કામ સમયથી પૂર્ણ થઇ રહ્યા નથી. ભારે ઓર્ડર ઇનવેન્ટરી છે આ ઉપક્રમમાં. તેના લાભમાં માત્ર ૪.૩ ટકાના દરે વધારો થઇ રહ્યો છે. તેના શેર પણ બજારમાં છે. જો કે તમામ જાણકાર રોકાણકારો આ કંપનીના શેરથી દુર રહેવા માટે ઇચ્છુક છે. રોકાણકારો માને છે કે તેના શેરથી દુર રહેવામાં ભલાઇ છે. રાફેલના મામલે વિવાદમાં તેની ચર્ચા પણ વિરોધીઓ અને ખાસ કરીને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી વારંવાર કરતા રહ્યા છે. ખુબ ઓછા લોકો આ અંગે માહિતી ધરાવે છે કે એચએએલે પણ ઓફસેટ પાર્ટનર બનવા માટેનો દાવો કર્યો હતો. પરંતુ તેના દ્વારા પોતાના કોટેશનમાં કામ પૂર્ણ કરવા માટે અન્યોની તુલનામાં અઢી ગણો કરતા વધારે સમય માગ્યો હતો. જ્યારે આ વિમાનોને વહેલી તકે બનાવીને ભારતને મોકલવાની જરૂર હતી. આ ઉપરાંત આ કંપની એક બાજુ ખુબ સારા કામ માટે ઓળખાય છે પરંતુ સાથે સાથે તેનુ નામ કામ ખુબ ધીમી ગતિથી કરવાનો આરોપ છે. કંપનીએ ખુબ સારા સારા



સરકારી કંપની એચએએલની પાસે હાલમાં એક લાખ કરોડ રૂપિયાથી વધારેના ઓર્ડર પેન્ડિંગ રહેલા છે : પ્રતિષ્ઠાના કારણે પછડાટ મળી છે

વિમાનો બનાવ્યા છે પરંતુ કોઇ પણ કામ સમયસર પૂર્ણ કરવામાં આવ્યા નથી. એચએએલને ૧૨ વર્ષ પહેલા તેજસ વિમાનો બનાવવા માટે ઓર્ડર મળ્યો હતો. પરંતુ છેલ્લા ચાર પાંચ વર્ષ પહેલા જ તેના દ્વારા વિમાનોની ડિલિવરીનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. હાલમાં ૨૦ વધુ વિમાનો બનાવવા માટે કોન્ટ્રાક્ટ મળ્યો છે. પરંતુ હજુ સુધી કામ શરૂ કરવામાં આવ્યુ નથી. આ પ્રકારની ઉદાસીનતાના કારણે સરકારી કંપની એચએએલની પીછેહટ થઇ રહી છે. સુખોઇ ૩૦ અને હળવા વિમાનો બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ વર્ષો પહેલા મળ્યો હતો. તે કામ હવે પૂર્ણ થવા જઇ રહ્યુ છે. ગુમતા જાળવી રાખવાના સ્તર પર પણ આ કંપનીના ટ્રેક રેકોર્ડ પહેલાથી જ સારા રહ્યા નથી. વર્ષો પહેલા એક વિમાનનો નકશો એક રેસ્ટોરન્ટમાં મળ્યો હતો. એંકદરે જો આ કંપનીમાં કાર્યક્ષમતા અને ઉત્પાદનતા વધારી દેવામાં આવે તો સારુ રહી શકે છે. કામ કરવાની સંસ્કૃતિને પણ વધારે સુધારી દેવાની જરૂરિયાત દેખાઇ રહી છે. જો કંપનીમાં વધારે સુધારા કરવામાં આવે તો આ કંપની વધારે સારા પરિણામ સાથે કામ કરી શકે છે.કારણ કે કંપની પાસે તમામ જરૂરી સુવિધા છે. આવી જ હાલત વધારે એક કંપની બીએચઇએલની પણ રહેલી છે. તેની પાસે પણ ભારે બુક ઓર્ડર રહેલા છે. પરંતુ કામ સમય પર પૂર્ણ ન કરવાની છાપ તેની પણ ઉભરી આવી છે. જેથી કંપની લાભની સ્થિતીમાં આવી રહી નથી. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાફેલ સોદાબાજીમાં કોઇ પ્રકારની મધ્યસ્થી લોકોની કોઇ ભૂમિકા નથી. જેથી તેમાં કોઇ પણ પ્રકારની ગેરરિતી થવાની શક્યતા ઓછી છે.

થાઇલેન્ડના રોમેન્ટિક બીચ, રિસોર્ટ અને અન્ય સ્થળો મનમોહક...

હનીમુન કપલ માટે થાઇલેન્ડ આદર્શ

